**ફોજદારી ઈન્કચારી નં.૧૨૨૦૬/૨૦૨૫**

**૧૬ મા એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, અમદાવાદ શહેર**

**( એન.આઈ.એકટની કોર્ટ )**

**:: આંક–૦૧ લગત હુકમ ::**

૧. ફરીયાદી તર્ફે વિ.વકિલશ્રી હાજર,તેઓની રજુઆત સાંભળવામાં આવી.રજુઆતની વિગતે તેઓ ધ્વારા ફરીયાદની વિગત મુજબની વિગત જણાવી હાલની ફરીયાદ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈ અનુસારની હોવાનુ જણાવી ફરીયાદ રજીસ્ટરે લેવા અરજ કરેલ છે.વધુમાં ફરીયાદી તર્ફે એવી રજુઆત પણ છે કે, ચેકમાં આરોપીની સહી છે,આરોપીને ચેક પરત ફર્યા બાબતની નોટીસ નિયત સમયમાં આપેલ છે ,નોટીસની બજવણી આરોપીને થયેલ છે , નોટીસ મુજબનુ વર્તન થયેલ નથી, કાયદાની જોગવાઈમાં આરોપીનુ કૃત્ય પડતુ હોઈ તે સંજોગે આરોપી વિરૂધ્ધ ક્રિમીનલ કેસ રજીસ્ટર કરી સમન્સ ઈસ્યુ કરવા હુકમ કરવો જોઈએ.

૨. ફરીયાદ હકીકત વંચાણે લીધી,રજુઆત ધ્યાને લીધી, ફરીયાદીએ ફરીયાદ સાથે રજુ કરેલ સોગંદનામુ તેમજ દસ્તાવેજી પુરાવા લીસ્ટ ધ્યાને લીધુ, **નામદાર સર્વોચ્ચ અદાલતના રીટ પીટીશન (સીવીલ) ૧૮/૨૦૧૩ ઈન્ડીયન બેંક એસોશીએન અને અન્ય વિરૂધ્ધ યુનીયન ઓફ ઈન્ડીયા અને અન્ય** માં પ્રસ્થાપીત કરેલ સીધ્ધાંતો ધ્યાને લીધા.રજુ દસ્તાવેજી આધાર અને કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં પ્રથમ દર્શનીય રીતે હાલની ફરીયાદમાં ધી નેગો.ઈન્સ્ટ્રુ. એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના ગુન્હાના તત્વો આકર્ષાતા હોવાનુ પ્રથમ દર્શને જણાઈ આવે છે. નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો વંચાણે લેતાં, જો ફરીયાદ, પુરાવાનું સોગંદનામું અને દસ્તાવેજો ધ્યાને લઈને પ્રથમ દર્શનીય રીતે ગુન્હો બનતો જણાઈ આવતો હોય તો, ગુન્હાનું સીધુ કોગ્નીઝન્સ પણ લઈ શકાય છે. પરંતુ સદર કામે એક કરતા વધુ આરોપીઓને જોડેલ હોય નામ.સર્વોચ્ચ ન્યાયાલયના અર્પણા એ.શાહ વી.શેઠ ડેવલોપર્સ પ્રા.લી, ૨૦૧૩(૦) AIJEL SC 54153 ના ચુકાદાના ધ્યાને લેતા ચેકમાં જેની સહી હોય તેની સામે જ સંજ્ઞાન લઈ શકાય અને હાથ પરના કેસમાં માત્ર આરોપી નં.___૧___ની સહી હોઈ તેમની સામે જ સંજ્ઞાન લઈ શકાય તેમ છે. આમ, સમગ્ર પુરાવા રજુઆત નજર સમક્ષ રાખી પરીણામ સ્વરૂપ આ કામે નીચે મુજબનો હુકમ કરવો યોગ્ય ન્યાયી અને વ્યાજબી જણાયેલ છે.

**:: હુકમ ::**

હાલની આ ઈન્કવાયરી આથી ફેસલ કરી ,સદર ફરીયાદને ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં આરોપી નં.___૧___વિરૂધ્ધ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ ૨૨૭ અન્વયે ધી નેગો.ઈન્સ્ટ્રુ.એકટ ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબના ગુન્હા સબબનો સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર આરોપી વિરૂધ્ધ નિયત નમુનામાં સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવે છે, તેમજ સદર આરોપીને પ્રથમ મુદતે જામીન સાથે હાજર રહેવા સમન્સમાં નોંધ કરવાનો હુકમ કરાવામાં આવે છે.

ફરી મુદત તા.૦૬/૦૮/૨૦૨૫

મુકામ.: અમદાવાદ.

તારીખ.: ૦૫/૦૬/૨૦૨૫

૧૬ માં એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૩૮, અમદાવાદ શહેર